# શ્રી ચતુર્વિંશતિ જિન સ્તુતિ

— પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ

સંપાદક : 'ગુણશિશુ'

[ અહીં રજૂ થતી આ કૃતિ આ અવસર્પિણી કાળની, વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકર પરમાત્માઓની સ્તુતિરૂપે છે. ]

ચૈત્યવંદન કે પ્રતિક્રમણ વિધિમાં ચાર સ્તુતિ રીતે પણ બોલી શકાય, તેવી પ્રાચીન ગુર્જર પદ્યમાં આ ભાવવાહી રચના છે. દરેક તીર્થંકર પરમાત્મા માટે એક એક સ્તુતિ યોજાઈ છે. આ રીતે ચોવીસ તીર્થંકરોની સ્તુતિ માટે એક એક એમ ચોવીસ સ્તુતિઓ છે. જ્યારે ૨૫, ૨૬ અને ૨૭ ક્રમાંકની સ્તુતિઓ ઉપરોક્ત દરેક સ્તુતિને અંતે બોલી શકાય છે. આમ આ ૨૭ કંડિકાઓ કંઠસ્થ કરી લેવાથી દરેક તીર્થંકર પરમાત્માની સ્તુતિ કરી શકાય છે. ક્રમાંક ૨૫ની સ્તુતિ ઋષભાદિ સર્વ તીર્થંકરોને લગતી છે. ક્રમાંક ૨૬ની સ્તુતિ શ્રુતજ્ઞાનની છે. ક્રમાંક ૨૭ની સ્તુતિ શાસનદેવીની છે. છેલ્લી સ્તુતિમાં કર્તાએ પોતાનું નામ સૂચવ્યું છે. આ કૃતિ અહીં સર્વ પ્રથમ વાર પ્રકાશિત થાય છે. શ્રી લા. દ. વિદ્યામંદિર (અમદાવાદ)ના સંગ્રહની હસ્તપ્રત ઉપરથી સં. ૨૦૩૩ના બાડમેર ચાતુર્માસ દરમ્યાન આ કૃતિ અક્ષરશઃ નોંધેલ છે. — **સંપાદક**]

## મૂળ કૃતિ

ઋષભદેવ જિનં જિનનાયકં, વિજિત દુર્જય મનમય સાયકં;
પ્રણુત માનવદાનવ સાયકં, ભજત પાપહરં શિવદાયકં. ૧

અજિતનાથ જિનં જનશંકરં, દ્વિરદ લંછન ચરણે શુભંકરં;
કનકકાંતિ મનોહર સુંદરં, નમત ભવિજન, કેવલમંદિરં. ૨

સંભવનાથ જિનં સુરપૂજિતં, શ્રવણહારી મનોહરકૂજિતં;
સાવત્થી નગરીનો રાજીયો, તુરંગલાંછન નાથ સદા જયો. ૩

અભિનંદનજિન ચંદનશીતલં, દરિશન જેહનું દીપે નિર્મલં;
પૂરવ પચાસ લાખનું આઉખું, ભવિજનને સેવ્યો દીઈ શિવસુખં. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુમતિનાથ જિનેશ્વર પાંચમો, ભાવિં ભવિયણ કર જોડી નમો;
મૂરતિ મોહનગારી જેહની, સુરતિની બલિહારી તેહની. ૫

શ્રી પદ્મપ્રભનાથ મયા કરી, સેવક દિલ ધારો ચાકરી;
ધનુષ અઢી શાત દેહી દીપતી, સુંદર કાંતિ પ્રવાંલું જીપતી. ૬

સ્વામિ સુપાસ સુણો મુજ વિનતિ, નિશિ (દિન) તુમ્હને ભાવે કરું નતી;
નિરમલ વાણી નિશાની દીજીઇં, તુજ વાણીરસ ઘટઘટ પીજીઇં. ૭

શ્રી ચંદ્રપ્રભ ચંદ્રસમપ્રભં, ચંદ્રલાંછન વર્ણે શોભે શુભં;
ચંદ્રાનના નગરીનો જે ધણી, સેવકની પૂરે ઇચ્છા ઘણી. ૮

સુવિધિનાથ જિનેશ્વર વંદીઈ, ચિરસંચિત ધનયોનિ કંદીઇં;
જિનશાસન ગગણાંગણ દિનમણિ, કાકંદી નગરીનો છે ધણી. ૯

શ્રી શીતલ જિનનાથ સુખ કરું, શીતલવાણી ભવિજન ભય હરું;
શીતલતા નયને હોઇ અતિ ઘણી, પ્રભુ દરશન દેખો જિનશશીમણિ. ૧૦

શ્રી શ્રેયાંસ જિનરાજ ઇગ્યારમો, ઢાડગી ( ગેંડો ) લાંછન ભગતિં નમો;
વરસ ચોરાસી લાખ છે જીવિતં, માનવ–દાનવ–વાસવ–સેવિતં. ૧૧

શ્રી વાસુપૂજ્ય નૃપાંગજ સુંદરં, સીતરિ–ધનુ તનુમાન મનોહરં;
મહિષાસુર ચરણે આવી વસ્યો, સબલાને શરણે તસ ભય કિસ્યો. ૧૨

વિમલનાથ નમું વિમલાનનં, વિમલ નયન હોઈ જસ દર્શનં;
શ્રવણયુગલ માહરાં પાવન ઘણાં, નિસુણિ પ્રભુનાં વયણ સોહામણાં. ૧૩

શ્રી અનંતજિન સ્યું મન મેલીઇં, દૂધમાંહે જિમ સાકર ભેલીઇં;
સાચો રંગ કરારી જાણીઇં, ખોટો રંગ પતંગવર વાણીઇં. ૧૪

ધરમ જિનેશ્વર ધરમ ધુરંધરુ, ધીરીઇ ધરમસનેહી જિનવરુ;
રતનપુરીનો નાયક સોહતો, કંચનકાંતિ સદા મન મોહતો. ૧૫

શાંતિ જિનેશ્વર સાહિબ સોલમો, સારંગ લાંછન ચક્રી પાંચમો;
લાખ વરસનું જીવિત જેહનું, ચ્યાલીસ ધનુષનું માન છે દેહનું. ૧૬

સુરનૃપાંગજ કુંથુ જિનેશ્વરં, સેવો ભવિકા વિશ્વકૃપાકરં;
મન વચ કાયા થિર કરી સેવીઈ, તો શિવકમલા વિમલા પાલીઈ. ૧૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી અરજિન ભવજલનો તારકો, ઇતિ અનીતિ અઘર નિવારકો;
ભવિ પંકજકાનન બોધતો, ધ્યાનાનલ આતમ શોધતો. ૧૮

મલ્લિ જિનેશ્વર મહિમા અતિ ઘણો, નીલકમલદલ દેહ સોહામણો;
કુમરી રૂપે જિનપદ ભોગવ્યું, બાલપણાથી બ્રહ્મવ્રત અનુભવ્યું. ૧૯

શ્રી મુનિ સુવ્રત સુવ્રતધારકં, પ્રણમું પ્રેમે ભવિજન તારકં;
અકલ કલા દિસે પ્રભુ તાહરી, રાગરહિત તેં શિવનારી વરી. ૨૦

શ્રી નમિનાથ નમું પરમેશ્વરં, મિથિલાપુર અધિકારી જિનવરું;
સહસદસ વરસનું જીવિતં, પનર ધનુષ તનુધારી સુરનતં. ૨૧

બ્રહ્મચાર સિરિ નેમિ જિનાધિપં, વંદું વેગેં પ્રણતસુરાધિપં;
સમુદ્રવિજય નૃપ નયનાનંદનં, માત શિવાદેવી ચિતનંદનં. ૨૨

પુરુસાદાણી પાર્શ્વ જિનોત્તમં, નિર્મલ ભાવે પૂજો ધૃતશમેં;
ચરણકમલ પ્રણમે જે સ્વામિનાં, પાતિક ચૂરે પૂરં કામના. ૨૩
શ્રી વર્ધમાન નમું ચરમં જિનં, ત્રિભુવન–જન–ગણ–માણસ–રંજનં;
શ્રી જિનશાસન ભાસન જગધણી, ગૌતમ ગણધર જાસ મહામુણી. ૨૪

શ્રી ઋષભાદિક જિનવર જે થયા, પાતિક કર્મક ધોઈ નિર્મલ ભયા;
ચઉદરાજ અલગા જઈ વસ્યા, ધ્યાનગુણે મનમંદિર ઉલ્લસ્યા. ૨૫

અરથ થકી અરિહંતે ભાખીયા, સૂત્રથકી ગણધરમુનિ દાખીઆ;
આગમ ચોરાશી સોહામણા, સાંભળતાં લીજે તસ ભામણાં. ૨૬

કટિતટિ મેહુલ (મેખલ)ખલકેં ઘૂઘરી, રમઝમ કરતી ચરણે નુપૂરી;
રૂપેં સુંદર શાસનની સુરી, શ્રી કલ્યાણસાગરસૂરિ જય કરી. ૨૭

[ इति श्री चतुर्विंशतिजिनस्तुतिः कृता भट्टारक श्री कल्याणसागरसूरिणा ]

* * *

---

जई विय णिगणे किसे चरे, जई वियभुंजे मासमंतसो ।
जे ईय मायाई मिज्जई, आगंता गब्भायणं तसो ।।

— भगवान श्री महावीर प्रभु

ભલે નગ્ન રહેવામાં આવે, મહિના મહિનાના ઉપવાસ કરવામાં આવે અને શરીરને હાડપિંજર બનાવી દેવામાં આવે, પરંતુ અંતરમાં જે દંભ રાખે છે, તે જન્મ–મરણના અનંત ચક્રમાં ભટકતો જ રહે છે.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org